# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

**ગાંધીનગર વન વિભાગ, ઘ–૪ નર્સરી, સેકટર–૧૭, ગાંધીનગર**

**ફોન : ૦૭૯–૨૩૨–૨૧૨૬૦, ફેકસ : ૦૭૯–૨૩૨–૩૯૮૭૨, ઇ–મેલ : dcfgnr001@gmail.com**


**જાવક ક્રમાંક : જમન/૧૩/બ/૨૦૨૨–૨૩/** 519-22 **તારીખ :** 21**/૦૫/૨૦૨૨**

**વિષય:–** Diversion of 16.20 Ha. Forest land for widening of Gandhinagar K-7-Randheja-Balva-Mansa Road KM (5/200 to 15/500) (FP/GJ/ROAD/154609/2022)

**સંદર્ભ:–** કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ–૩, ગાંધીનગરના પત્રાંક: પીબી/૧/૧૧૯૮/તા.૨૬/૦૪/૨૦૨૨

આથી પરિક્ષેત્ર વન અધિકારી, બોરીજ, કલોલ તથા માણસાને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ઉપરોકત વિષયની દરખાસ્ત અત્રે સાદર કરેલ છે. તો તેમાં જણાવેલ સ્થળે યુઝર એજન્સીના પ્રતિનિધિને સાથે રાખી સંયુકત સ્થળ તપાસ કરી નિચેની વિગતે સાદર કરવા વિનંતી છે.

(૧) સદરહું દરખાસ્તની સંયુક્ત સ્થળ તપાસ કરી યુઝર એજન્સીએ દર્શાવેલ વિસ્તારમાં જેટલા વૃક્ષ/રોપા કે વાડ દુર કરવાની થતી હોય તો તેના ખર્ચની વિગત સહીત તેમજ વસુલ કરવાની થતી રકમ સહીત નિયત નમૂનાના ચેકલીસ્ટ તેમજ માર્કીગ ખરડા તૈયાર કરી વિગતવાર અહેવાલ સાદર કરવા નોંધ લેવી.

(૨) યુઝર એજન્સી દ્વારા દરખાસ્તની અંદર દર્શાવેલ રૂટની લંબાઈ તથા પહોળાઈ જે દરખાસ્તમાં બતાવેલ છે. તે પ્રમાણે સ્થળે બરાબર છે કે કેમ? તે પ્રમાણે લંબાઈ તથા પહોળાઈ ચેક કરીને ન.ક પોઈન્ટ સાથે આપના અહેવાલમાં ચેક કર્યા મુજબની લંબાઈ તથા પહોળાઈ દર્શાવવી.

(૩) યુઝર એજન્સી દ્વારા સ્થળે કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવેલ હોય તો તેની વિગત આપવી. તેમજ જો યુઝર એજન્સી દ્વારા સ્થળે કોઈપણ પ્રકારની કામગીરી કરેલ ન હોય તો આવી કોઈ કામગીરી યુઝર એજન્સી દ્વારા સ્થળ કરવામાં આવેલ નથી. તેવા મતલબનું પ્રમાણપત્ર સદરહું અહેવાલની સાથે તેમની સહી વાળું સામેલ રાખવું.

(૪) સદરહું દરખાસ્ત બાબતે અન્ય કોઈ વધારાની વિગત જણાય તો તે પ્રમાણે વિગત તેમના અહેવાલમાં દર્શાવવી.

(૫) સંયુક્ત સ્થળ તપાસ દરમ્યાન પંચક્યાસ તથા રોજકામ કરી તેમના અહેવાલની સાથે તમામ સાધનિક કાગળો સાથે સામેલ રાખવા.

(૬) સદર સ્થળ ઉપર ક્યા વર્ષમાં વાવેતર કરવામાં આવેલ છે તેની પ્લાન્ટેશન રજીસ્ટર સાથે વિગત વર્ષવાર માહિતી આપવી.

**નાયબ વન સંરક્ષક**
**ગાંધીનગર વન વિભાગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
પરિક્ષેત્ર વન અધિકારી,
બોરીજ, કલોલ તથા માણસા

**નકલ રવાના:–** કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ–૩, બ્લોક–બી, પ્રથમ માળ, પાટનગર યોજના ભવન, સેકટર–૧૬, ગાંધીનગર–૩૮૨૦૧૬ તરફ જાણ તથા સદરહું દરખાસ્ત બાબતે સબંધિત પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક સાધી જરૂરી માહિતી પુરી પાડી તેમજ સ્થળ બતાવી / માર્ક કરી સંયુકત સ્થળ તપાસની કામગીરી પૂર્ણ કરવા જરૂરી થવા સારૂ.